# કલોલના લિંબોદ્રામાં ઝાડાના ૨૬ કેસ નોંધાયા

## ૨૫ને આઉટડોર પેશન્ટ તરીકે સારવાર અપાઈ ૧ને દાખલ કરવામાં આવેલ છે : સર્વેલન્સની કામગીરી હાથ ધરાઈ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના લિંબોદ્રા ગામે આજે ઝાડા-ઉલ્ટીના ૨૬ જેટલા કેસ નોંધાતાં આરોગ્ય તંત્ર ચોંકી ઉઠ્યું છે.

મળતી વિગતો પ્રમાણે લિંબોદ્રાના ઠાકોરવાસમાં આ કેસો નોંધાયા છે. જે દર્દીઓ નોંધાયા છે તેમાં ૨૫ને આઉટડોર પેશન્ટ તરીકે સારવાર આપવામાં આવેલ છે જ્યારે ૧ દર્દીને દાખલ કરવામાં આવેલ છે. જેની તબિયત સુધારા પર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે. ઠાકોરવાસ નજીક પાણીનું લિકેજીસ જણાંતાં પ્રદૂષિત પાણીને કારણે આ ઝાડાના કેસો નોંધાયા હોવાનું પ્રાથમિક અનુમાન તંત્ર લગાવી રહ્યું છે. જો કે સઘન સર્વેલન્સના આદેશો આપી કામગીરી હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં આ વખતે પાણી લિકેજીસને પગલે ઝાડા-ઉલ્ટીના કેસોની સંખ્યામાં વધારો થવા પામ્યો છે. આ ઉપરાંત ગરમીને કારણે પણ આ કેસોમાં વધારો થતાં આરોગ્યતંત્ર હચમચી જવા પામેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં પાણીના ક્લોરીનેશન માટે હજુ જોઈએ તેવી જાગૃતિ હોવા છતાં ઉદાસીન વલણ અપનાવાતુ હોવાની વાતો બહાર આવવા પામી છે.

જિલ્લામાં આ વખતે પાણીજન્ય રોગચાળાના કેસો કદાચ સૌથી વધુ નોંધાયા છે. જેમાં કોલેરા, ઝાડા-ઉલ્ટીના કેસો ઉપરાંત અન્ય રોગોનો પણ સમાવેશ થાય છે. આરોગ્યતંત્ર દ્વારા લોકજાગૃતિ અભિયાન ચલાવવા માટેની કાર્યયોજનાઓ કાગળ પર વધુ રહી જતી હોવાનું લોકજીભે ચર્ચાઈ રહ્યુ છે.



વાવોલ ખાતે શનિદેવ મહારાજની જન્મ જયંતિ નિમિત્તે અગિયાર કૂંડી યજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણીમાં મોટી સંખ્યામાં શનિભક્તો હાજર રહી આરતી અને મહા પ્રસાદનો પણ લાભ લીધો હતો. આ ધાર્મિક પ્રસંગે તમામ ભાવિક ભક્તો ઉપસ્થિત રહી યજ્ઞ દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# આજથી શૈક્ષણિક સત્ર આરંભાતા શહેર ધબકતુ થશે

ગાંધીનગર, તા.૫

લાંબા ઉનાળા વેકેશન બાદ રાજયભરમાં સોમવારથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થશે.કેટલાક નાના બાળકો પોતાના પ્રથમસત્રથી પોતાના શૈક્ષણિક જીવનનો આરંભ કરશે. વેકેશન દરમિયાન ખાલીખમ ભાંસતી શાળાઓ આજથી વિદ્યાર્થીઓના કોલાહલથી ગુંજી ઉઠશે. સ્કુલબેગ અને વોટરબેગ સાથે ગણવેશમાં સજજ વિદ્યાર્થીઓ શાળાએ જતા નજરે પડશે. લેટ ધેમ પ્લેના અભિગમથી બહાર આવીને ચલો સ્કુલ ચલે હમ ની ભાવના સાથે શાળાના પગથીયા પર ડગ માંડશે.

ઉનાળા વેકેશનને પગલે વિદ્યાર્થીઓ છેલ્લા ૪૨ દિવસથી અભ્યાસુ વૃતિ-પ્રવૃતિથી દુર હળવાશના મુડમાં રમતના મેદાનમાં જોવા મળતા હતા. શહેર પણ શાળા-કોલેજોમાં વેકશન હોવાથી સુમસામ લાગતું હતું. વેકેશનમાં બાળકો બહારગામ ગયા હોવાથી બાળકોના કલરવ વગર માહોલ બરાબર જામતો નહોતો.ત્યારે સોમવારના રોજથી શહેરની તમામ શાળાઓમાં શૈક્ષણિક સત્રનો પ્રારંભ છે. સવારથી બાળકો નગરના માર્ગો પર શાળાના ગણવેશમાં શાળાએ જતા જોવા મળશે. જયારે વિદ્યાર્થીઓને શાળાએ લેવા મુકવા માટે જતી વાન તેમજ બસો ને કારણે શહેરમાં વાહન વ્યવ્હાર પણ નજરે પડશે. જયારે કેટલાક નાના બાળકો સૌ પ્રથમવાર શાળાએ જઈ શૈક્ષણિક જીવનમાં પગરવ માંડશે. વિદ્યાર્થીઓને ગણવેશમાં સજજ સ્કુલબેગ અને વોટરબેગ સજજ શાળાએ જતા નિહાળવાની મજા પણ કંઈક ઔર હોય છે. જયારે નાના બાળકો શાળાએ રડતા હોવાથી તેઓની માતાઓ શાળા બહાર શાળા છુટે ત્યાં સુધી પોતાના વ્હાલસોયા બાળક માટે બેસી રહેલી જોવા મળશે. નવા શૈક્ષણિક સત્રમાં બાળકોને શાળાએ જવાનું ગમશે નહી જેને પગલે કહી ખુશી કહી ગમ જેવા દ્રશ્યો સર્જાશે. બાળકોના કોલાહલથી શહેરનું સમગ્ર જીવન ધબકતું બની જશે.

# દુકાન ભાડે આપી પોલીસને જાણ ન કરનાર સામે ગુનો દાખલ

## એસઓજીનાં બે સ્થળે દરોડો : કુડાસણમાં એક હોટલ સંચાલક સામે પણ ગુનો નોંધાયો

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર એસઓજીની ટીમે જિલ્લા કલેકટરનાં જાહેરનામા ભંગ કરનાર એકમો પર ચેકીંગ હાથ ધર્યુ છે. કુડાસણ પાસે એક દુકાન માલીક સામે અને એક હોટલ સંચાલક સામે જાહેરનામાનો ભંગ કરવા બદલ એસઓજીએ કલમ ૧૮૮ મુજબ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એસઓજી પી.આઈ. પી.બી. ચૌહાણની સુચનાથી તેમની ટીમે વિવિધ ખાનગી એકમો પર સીસીટીવી કેમેરા, રજીસ્ટર નિભાવણી, હોટલ લાયસન્સ, ભાડુઆત અંગે સ્થાનિક પોલીસને જાણ કરવી... સહિતની બાબતો અંગે ચેકીંગ શરૂ કર્યુ છે. કુડાસણ ખાતે રાધે સ્કવેર ખાતે સ્થિત દુકાનો પર ચેકીંગ કરતા ૧૯ નંબરની દુકાન ભાડે અપાઈ હોવા છતાં સ્થાનિક પોલીસ મથકમાં જાણ કરાઈ ન હોવાનું બહાર આવ્યું હતું. જેને આધારે માણસા ગોવિંદપુરા વિસ્તારના દુકાનમાલિક પ્રહલાદભાઈ હરગોવિંદભાઈ પટેલ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. તે ઉપરાંત રાધે સ્કવેર ખાતે સ્થિત હોટલ પણ લાયસન્સ વગર ચાલતી હોવાનું ચેકીંગમાં ધ્યાને આવતા હોટલ સંચાલક વિરલ રમેશભાઈ પટેલ સામે એસઓજીની ટીમે કાર્યવાહી કરી ઈન્ફોસીટી પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો છે.

# પર્યાવરણની ચિંતા કરવાની જવાબદારી દરેક જ્ઞાતિ સમાજે ઉઠાવવી પડશે

## લોહાણા મહાપરિષદ દ્વારા પર્યાવરણ દિન ૨૦૧૬ અંતર્ગત પરિસંવાદ યોજાયો : અમદાવાદના મેયર ગૌતમ શાહ ઉપસ્થિત રહ્યા

ગાંધીનગર, તા. ૫

‘‘પર્યાવરણને બચાવવાની જવાબદારી વ્યક્તિગતથી શરૂ થઈને રાષ્ટ્ર સુધી પહોંચે છે. લોહાણા સમાજ દ્વારા પર્યાવરણ દિવસની ઉજવણીનો કાર્યક્રમ આયોજિત કરાયો તે એક સુખદ આશ્ચર્યસમાન છે.’’ આ શબ્દો છે પૂર્વ અગ્ર મુખ્ય વન સંરક્ષક ભરતભાઈ પાઠકના. શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા તા. ૫મી જૂન રવિવારે અમદાવાદના



આશ્રમરોડ પર ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સના હોલ ખાતે પર્યાવરણ દિવસ ૨૦૧૬ની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદના મેયર ગૌતમભાઈ શાહે હાજરી આપી હતી.

લોહાણા મહાપરિષદની પર્યાવરણ સમિતિ તથા કેળવણી સમિતિ દ્વારા પર્યાવરણ દિન ૨૦૧૬ના ઉપક્રમે એક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરિસંવાદમાં પૂર્વ મુખ્ય વન સંરક્ષક ભરતભાઈ પાઠક તથા મદદનીશ વન સંરક્ષક ભગવાનદાસભાઈ બંધુ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ભગવાનદાસભાઈ બંધુએ આ પરિસંવાદમાં તેમની આગવી જોશીલી શૈલીમાં ઉપસ્થિત સમાજબંધુઓએને જીવનના જન્મથી માંડીને મૃત્યુ સુધીના સફરમાં પર્યાવરણની અગત્યતા સમજાવી હતી. આ સાથે તેમણે વૃક્ષો વાવવા, પાણી બચાવવા, કચરો ઓછો પેદા કરવા જેવી અનેક ટીપ્સ આપી હતી. અમદાવાદના મેયર ગૌતમભાઈ શાહે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આગામી સમયમાં સ્માર્ટ સીટી અન્વયે હાથ ધરાનાર પર્યાવરણીય પ્રોજેક્ટસની માહિતી આપતા વાડજના રામાપીરના ટેકરા વિસ્તારના નવીનીકરણોના ચિતાર રજૂ કર્યો હતો. આ જગ્યાએ ૩૦ એકરમાં વિશાળ ગાર્ડન પણ તૈયાર કરાશે તેવી તેમણે જાહેરાત કરી હતી. ગૌતમ શાહે લોહાણા સમાજને અન્ય સમાજો માટે પ્રેરણારૂપ ઉદાહરણ પુરૂ પાડવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

આ કાર્યક્રમમાં લોહાણા સમાજ દ્વારા આયોજિત ચિત્ર સ્પર્ધા તથા સ્લોગન કોમ્પિટીશનના વિજેતાઓની પણ જાહેરાત કરાઈ હતી. કાર્યક્રમમાં પર્યાવરણ સમિતિને દાન આપી મદદરૂપ થનાર દાતાઓનું સન્માન કરાયું હતું. આ પ્રસંગે સમાજના ઉમંગભાઈ ઠક્કર, હિંમતભાઈ કોટક, કે.સી. ઠક્કર, યોગેશભાઈ લાખાણી, ભાર્ગવભાઈ ઠક્કર સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા પર્યાવરણ સમિતિના કિરીટભાઈ ભીમાણી, કેળવણી સમિતિના મહેશભાઈ મુલાણી સહિત આલાપભાઈ પંડિત, હર્ષદભાઈ તેમજ અન્ય કાર્યકરોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# છેડતીનો કેસ પાછો ખેંચવા યુવતીના ભાઈ પર હુમલો

## સે-૧૩માં બાઈક પર ત્રણ સવારી આવેલા શખ્સો પૈકી એક એ છરી જેવા હથિયારથી ચાલુ બાઈકે હુમલો કર્યો : ભાઈ ખસી જતા હાથે ઈજાઓ થઈ...!

ગાંધીનગર, તા.૫

શહેરની એક યુવતીની છેડતી થતા ગુનો દાખલ થયો હતો. આ કેશ પાછો ખેંચવા માટે સેકટર-૧૩માં ચાલુ બાઈકે યુવતીના ભાઈ ઉપર છરી જેવા હથિયાર વડ હુમલો કરવામાં આવ્યો હોવાની ચોંકાવનારી વિગત ધ્યાને આવી છે. આ મામલે ઘાયલ યુવાનની ફરિયાદ લઈ સેકટર-૭ પોલીસે ત્રણ શખ્સો સામે ગુનો દાખલ કરીને ગુનાની તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ સેકટર-૧૩ ખાતે આજે ઝુબેરખાન નામનો યુવાન પોતાના ઘર પાસેથી ચાલતો જઈ રહ્યો હતો ત્યારે બાઈક પર ત્રણ સવારી શખ્સો તેની નજીક આવ્યા અને વચ્ચે બેસેલા અજાણ્યા યુવાને ‘કેશ પાછો કેમ નથી ખેંચતો...’ તેમ કહીને છરી જેવા તિક્ષ્ણ કોઈ હથિયાર વડે ઝુબેરખાન પર હુમલો કર્યો હતો. ઝુબેરખાન ખસી જતા તેને હથિયાર ડાબા હાથે વાગ્યું હતું. બાઈક ઉપર સવાર ત્રણ પૈકી એકને તે ઓળખી ગયો હતો જે બાઈક ચલાવતો હતો. જીગર દરજી નામનો આ શખ્સ હોવાનું ઝુબેરનું કહેવુ છે. જીગર એ જ વ્યકિત હતો જેણે બહેનની છેડતી કરી હતી અને તેની સામે કેસ કરવામાં આવ્યો છે. આ કેસ પાછો ખેંચવા માટેની ધમકી સ્વરૂપે હુમલો કરવામાં આવ્યો હોવા અંગેની ફરિયાદ ઝુબેરે નોંધાવતા સે-૭ પોલીસે જીગર તથા અન્ય બે સાગરીત મળી ત્રણ શખ્સો સામે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.




અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં શનિવારે ભારે શ્રદ્ધા ભક્તિપૂર્વક ઠેર-ઠેર શનિ જયંતિની ભવ્ય ઉજવણી ભારે હર્ષોલ્લાસ સાથે કરવામાં આવી હતી. મોડાસા તાલુકાના લીંભોઈ ગામે આવેલા શનિદેવના મંદિરે વિશેષ પૂજા હોમ હવન સાથે શનિ જયંતિની ઉજવણી પ્રસંગે જિલ્લામાંથી ભાવી ભક્તો ઉમટી પડ્યા હતા. ભક્તોએ દર્શન અર્ચન કરી ધન્યતા અનુભવી હતી. શનેશ્વરની આબેહૂબ પ્રતિકૃતિ એવા શનિદેવના દર્શન કરવા લીંભોઈ ગામે ભાવિભક્તોની ભારે ભીડ જામી હતી. અને શનિદેવની શ્રદ્ધાપૂર્વક પૂજા અર્ચના કરી યોજાયેલા સુંદરકાંડના પાઠ અને હનુમાન ચાલીસાના પાઠના મંત્રોચ્ચાર ઉચ્ચાર્યા હતા.




પાલનપુરમાં આજે પર્યાવરણ દિન નિમિત્તે વન વિભાગના કર્મચારીઓની એક વિશાળ રેલી નીકળી હતી. રેલી બાદ વન વિભાગના અધિકારીએ તેમની ટીમના કર્મચારીઓ સાથે વૃક્ષારોપણ કરી ગ્લોબલવોર્મીંગ સામે ઝઝુમતા વિશ્વને અનોખો સંદેશ આપી સૌ કોઈએ વૃક્ષ અચૂક ઉગાડી તેનુ જતન કરવા ભાર મુક્યો હતો.

# સિંચાઈ દર વ્યાજ માફી યોજનાની મુદત વધી છે

અમદાવાદ, તા.૫

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ખેડુતોને સિંચાઈ દર વ્યાજ માફી આપવાની યોજનાની મુદત લંબાવીને વધુ એક કિસાનલક્ષી નિર્ણય કર્યો છે. હવે તા. ૧૩ ઓક્ટોબર-૨૦૧૬ સુધી આ યોજનાનો લાભ કિસાનો લઈ શકશે. તેમણે ઉમેર્યુ કે, રાજયના ખેડુતો ખેતી કામમાં રોકાયેલા હોઈ આ યોજનાની મુદત લંબાવવા માટે મળેલ રજુઆતોને ધ્યાને લઈ આ નિર્ણય રાજય સરકારે કર્યો છે. જળસંપતિ વિભાગ દ્વારા અમલી સિંચાઈ દર વ્યાજમાફી યોજનાની મુદત તા. ૩૧.૪.૨૦૧૬ના પૂર્ણ થતા તેને લંબાવવાની દરખાસ્તના અનુસંધાને મુખ્યમંત્રીએ વ્યાજમાફીની આ યોજનાને તા. ૩૧-૧૦-૨૦૧૬ સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, તા. ૩૧ માર્ચ ૨૦૧૬ની સ્થિતિએ બિનઅધિકૃત રીતે ઉપાડેલા પાણીના જથ્થા માટે આપવાપાત્ર મુદલની સંપૂર્ણ રકમ તા. ૩૦.૪.૨૦૧૬ સુધી ભરપાઈ થાય તો આ રકમ પરના વ્યાજની સંપૂર્ણ રકમ, બિનઅધિકૃત પાણીના જથ્થા માટેની દંડનીય રકમ અને દંડનીય રકમ પરનું વ્યાજ સંપૂર્ણ માફ થશે.

## સમજૂતિ કરાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

કતારમાં મૂડીરોકાણકારોને ભારતમાં રોકાણ કરવા અપીલ કરી હતી. બંને દેશોએ સાત સમજૂતિ ઉપર સહીસિક્કા કર્યા હતા જેમાં પ્રવાસથી લઈને હેલ્થકેરનો સમાવેશ થાય છે. નાણાથી લઈને મૂડીરોકામનો સમાવેશ થાય છે. આ સમજૂતિ ટુંકાગાળાની રહી હતી. મોદીએ મૂડીરોકાણને લઈને રોકાણકારો સાથે વાતચીત કરી હતી અને ભારતને મૂડીરોકાણના એક હબ તરીકે દર્શાવવાની વાત કરી હતી.

## લૂંટ પ્રકરણે

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોહનપુરા ગામથી પકડી પાડવામાં આવ્યો હતો. તેના ઘરે સર્જ કરતા લૂંટમાં ગયેલા મુદ્દામાલને રિકવર કરવામાં સફળતા મળી હતી. તેની પુછપરછના આધારે મુખ્ય સૂત્રધારની માહિતી મળી ગઈ હતી જેના આધારે એલસીબીની ટીમે અન્ય સહઆરોપીને ગાંધીનગરના ગ્રામભારતી ખાતેથી તથા હારીજ ખાતેથી એકને પકડી પાડવામાં આવ્યો હતો. સુરત ખાતેથી સુનિલ પવારને તથા ગાંધીનગર ખાતેથી મુખ્ય સૂત્રધાર ઘેલાભાઈને લૂંટના મુદ્દામાલ સાથે પકડી પડાયો હતો. લૂંટમાં ગયેલા હથિયાર સહિત સાડા ત્રણ કરોડની કિંમતનો ચોરીનો ઓરિજિનલ મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

## રમઝાન માસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તો પછી તેને માટે ઈસ્લામે એવી સરળતા આપી છે કે રોજા ના કરી શકે તે માણસ ‘કફફારહ’ આપે. ‘કફફારહ’ને સરળ ભાષામાં કહીએ તો રોજા ન રાખવા બદલ ચુકવવામાં આવતું ધાર્મિક દંડ જેની ભરપાઈ કરવી અત્યંત જરૂરી છે.

રમઝાન એ તમામ મુસ્લિમ મહિનાઓમાંનો એક પવિત્ર મહિનો ગણાય છે. જેની મુસ્લિમ બિરાદરો આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે અને તમામ લોકો ચુસ્તપણે રોજા કરતા હોય છે. રોજાનો અર્થ એ પણ નથી કે માત્ર ભૂખ, તરસ અને રિવાજી ઈબાદત કરી લેવાથી ફરજ પૂર્ણ થયાનો સંતોષ લેવો પરંતુ આંખ, કાન, નાક, જીભ, મન વગેરે પણ નિયંત્રણ રાખી હૃદયપૂર્વક રોજા, ઈબાદત-બંદગી કરવાની સાથે સાથે નકારાત્મક વિચારોથી દૂર રહેવું, ક્રોધ, છલ-કપટ, ઈર્ષા, લોભ-લાલચ, સહિતના વિકારો પર વિજય કરવાનો સંદેશો પણ તેમાં વ્યકત કરવામાં આવ્યો છે.

આ રમઝાન મુબારક મહિનામાં ઈમાનદારો અને ઈબાદત કરવાવાળાઓ ઉપર અલ્લાહપાકની રહમત અને મગફેરત (બખ્શીશ)નો વરસાદ વરસતો રહે છે. આ મહિનામાં રોઝી અને માલમાં બરકત (વધારો) થાય છે. દરેક કામ ઈબાદત ગણાય છે. નેકીઓનો સવાબ બેવડો કરવામાં આવે છે. ફરિશ્તાઓ રોઝદારની બખ્શીશ માટે દુઆઓ માંગે છે. રહમતના દરવાજાઓ ખોલવામાં આવે છે. જન્નતના દરવાજાઓ ખોલવામાં આવે છે અને જહન્નમ (દોઝખ)ના દરવાજા બંધ કરવામાં આવે છે. બેશુમાર ગુનેહગારોના ગુનાહ માફ કરવામાં આવે છે. રોઝદારની દુઆઓ કબૂલ થાય છે. ટૂંકમાં આ રમઝાન માસમાં અલ્લાહપાકની રઝામંદી અને ખુશ્નુદી હાસિલ થાય છે. આ મહિનાની ઈબાદત બદલ અલ્લાહપાક રોઝદારોને મહિનાના અંતે ભેટ સ્વરૂપે ઈદનો તહેવાર અર્પે છે.

## કાયદો અને કાનૂન

● ૪ પાનાનું ચાલુ...

યેન કેન રીતે ખેંચાતા હોય છે જેનો ભોગ પક્ષકારો બને છે અને બદનામ ન્યાયતંત્ર થાય છે કે કોર્ટમાં કેસો પુરા થતા જ નથી. ધન, ધીરજ અને ધક્કા એ આમ જનતાના ભાગે આવતી વિરાસત છે. ફોજદારી કેસો સૌથી વધારે સરકાર તરફેના હોય છે જેમાં ખોટા પંચો, સાક્ષીઓના સરનામા પુરતા ના હોવાના કારણે એક યા બીજા કારણોસર સમન્સ બજાતા ના હોય કેસો આગળ ચાલતા નથી. કેસ ચાલે ત્યાં તપાસ અધિકારીઓની બદલી થતા તેમને કોર્ટમાં બોલાવવામાં સમયનો વ્યય થાય છે આરોપીને સહન કરવાનું રહે છે. પોલીસ ધનવાનો અને શક્તિશાળી લોકો સામે ફરીયાદ ના નોંધી કેસોના ઘટાડાને કૃત્રીમપણે નાથવાનો પ્રયત્ન કરે છે તો સામા પક્ષે ન્યાય મેળવવા માટે સીધી કોર્ટમાં ફરીયાદ થતી રહે છે હાલમાં જ એક કરોડના વ્યવહારોના દાવા માટે કોર્મશીયલ કોર્ટનું ઓપનીંગ કરવામાં આવ્યું છે.

માંડ કેસો ચાલવા ઉપર આવે ત્યાં જજોની બદલી, બઢતી ના હુકમો થતા કેસો ચાલવાની ઝડપ ઘટે છે. અદાલતો એ રાજકારણીઓનો હાથો યેન કેન રીતે બને છે અને ભોગ પક્ષકારોને બનવું પડે છે. ઝડપી સરળ અને સહજ ન્યાય એ માત્ર કાગળ ઉપરની વાત સાબીત થાય છે ન્યાયતંત્ર ઉપર લોક તંત્ર હાવી થતું જાય છે .

ટચુકડી જાહેર ખબર
માત્ર રવિવારે
જાહેરાત માટેનું
અસરકારક
માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

### ટેન્ડર હરાજી

નિયામક વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની સરકારી વાહન નં. GJ 18 G 2534 (TATA Sumo Grande LX E-III, Diesel, 2009) અને વાહન નં. : GJ-18 G 2564 (Mahindra & Mahindra Bolero LX, Diesel, 2009) હાલ જે સ્થળે જે સ્થિતિમાં છે. તે હાલતમાં જાહેર જનતા પાસેથી ભાવો મેળવી તા. ૨૧/૬/૨૦૧૬ના રોજ ટેન્ડર પદ્ધતિથી નિકાલ કરવાના હોઈ, ભાગ લેવા ઈચ્છા ધરાવતી વ્યક્તિઓએ વાહન દીઠ રૂ. ૨૦૦/- (બિન ચુકવણી પાત્ર) રોકડા નિયામક વિકસતી જાતિ કલ્યાણ ખાતું બ્લોક નં. ૪/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરની કચેરીમાં જમા કરાવી તા. ૧૦/૬/૨૦૧૬ના રોજ ૧૭.૦૦ કલાક સુધીમાં ટેન્ડર ફોર્મ મેળવી લેવાના રહેશે.

સહી/-
(કે. જી. વણઝારા)
નિયામક, વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ

માહિતી/૫૫૪/૨૦૧૬-૧૭

### ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ

બ્લોક નં. ૧૮, ૪થો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર નં.૧૧, ગાંધીનગર. ફોન નં. ૨૩૪૯૦૧૭/૧૮

### ટેન્ડર નોટીસ

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળની માપણી શાખા મારફતે ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળનાં હદ વિસ્તારમાં રોડ, રસ્તા તથા ટી.પી. સ્કીમો બનાવવાની કાર્યવાહી અંતર્ગત ટોટલ સ્ટેશનથી સર્વે તથા ડીમાર્કેશન માટે આઈટમ વાઈઝ રેટ કોન્ટ્રાક્ટથી કામગીરી કરવા આગામી ત્રણ વર્ષ માટેનાં ભાવપત્રકો નિયત લાયકાત ધરાવતી એજન્સીઓની એમપેનલ્ડ કરવા માટે દરખાસ્તો આમંત્રિત કરે છે. જે અંગેના વિગતવાર ટેન્ડર ફોર્મની વિગતો ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળની વેબસાઈટ www.guda.nprocure.com ઉપરથી ટેન્ડરની નકલો તથા શરતો ડાઉનલોડ કરી તમામ વિગતો ભરી ઓનલાઈન અપલોડ કરવાની છેલ્લી તારીખ ૨૮/૬/૨૦૧૬ના સાંજના ૬.૦૦ કલાક સુધીરહેશે. તેમજ મુખ્ય કારોબારી અધિકારીશ્રી ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળના ઉપરોક્ત સરનામે રજીસ્ટર પોસ્ટ / સ્પીડ પોસ્ટથી તા. ૧/૭/૨૦૧૬ના રોજ ૧૨.૦૦ કલાક સુધીમાં સીલબંધ કવરમાં મોકલી આપવાના રહેશે. તેમજ ટેન્ડર તા. ૧૦/૭/૨૦૧૬ના રોજ બપોરના ૪.૦૦ કલાકે ખોલવામાં આવશે. શરતી ટેન્ડરને રદ બાતલ ગણવામાં આવશે. તેમજ કોઈપણ પ્રકારના કારણો આપ્યા સિવાય ટેન્ડર સ્વીકારવા કે રદ કરવાની સત્તા ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળને રહેશે.

મુખ્ય કારોબારી અધિકારી
ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ
ગાંધીનગર

માહિતી/૫૭૩/૨૦૧૬-૧૭